છૂટક નકલ : રૂ. ૧૫-૦૦ વાર્ષિક લવાજમ : રૂ. ૫૦-૦૦

## ૧. સંપાદકીય

> "For Gandhi, economics was the outflow of spirituality and all his economic thoughts, actions, teachings, his economic precepts and practices are based on moral foundation. This means that Gandhi's economic ideas precept can not be practised without moral base which rests on truth and nonviolence."

આખું વિશ્વ આજે ગાંધીજીનાં ૧૫૦ વર્ષ ઊજવી રહ્યું છે. ગાંધી જેવી અને જેટલી બહુમુખી પ્રતિભા જવલ્લે જ જોવા મળે છે. આઝાદ ભારત માટે એમનું એક સ્વપ્ન હતું, જેને વિકાસની દોડમાં આપણે વીસરી ગયા છીએ. ગાંધીજી કહે છે, 'હું એવા ભારત માટે કામ કરીશ કે જેમાં ગરીબમાં ગરીબ માણસ પણ આ દેશ સાથે પોતાપણું અનુભવી શકે, જેના ઘડતરમાં એમનો અવાજ અસરકારક બનતો હોય, એવું ભારત કે જેમાં તમામ કોમના લોકો વચ્ચે પૂરી સંવાદિતા હોય, એવું ભારત કે જ્યાં અસ્પૃશ્યતાના અભિશાપ માટે કોઈ અવકાશ જ ન હોય, જ્યાં નશાકારી પીણાં અને દવાઓનું સેવન ન થતું હોય, જ્યાં બહેનોને પુરુષો જેટલા જ અધિકાર હોય. આપણો દેશ બધા દેશો સાથે શાંતિપૂર્ણ સંબંધો રાખતો હોય, ન કોઈનું શોષણ કરતો હોય, ન શોષિત હોય, જ્યાં લશ્કર કલ્પના કરતાં પણ નાનું હોય, દેશ કે બહાર અસંખ્ય મૂંગા લોકોના હિતથી વિરુદ્ધ કોઈ હિત નહિ હોય. આ મારા સ્વપ્નનું ભારત છે અને આનાથી ઓછું મને કંઈ પણ ખપતું નથી.'

ગાંધીજીએ આ સ્વપ્નને સાકાર કરવા અનેક રચનાત્મક કાર્યક્રમો આપ્યા, જેના દ્વારા સમાજના નવઘડતરમાં બધા જ ભાગીદાર બની શકે અને દેશ એના રોજબરોજના જીવનને સ્પર્શતા અનેક બનાવોમાંથી બહાર આવી શકે. ગાંધીજીના આ રચનાત્મક કાર્યક્રમોમાં એક અત્યંત મહત્ત્વનો કાર્યક્રમ ખાદીનો છે. એમણે ખાદીને village solar system નો સૂર્ય કહ્યો છે. ગામડાને જરૂરી એ ઊર્જા આપવાની તાકાત / સંભાવના એમણે ખાદીમાં જોઈ. એમણે ખાદીને એક કાપડ તરીકે અને એક નવા ક્રાંતિકારી વિચાર તરીકે લોકોની સમક્ષ મૂકી. ૧૯૦૯માં



જ્યારે ગાંધીજીએ હિન્દ સ્વરાજ લખ્યું ત્યારથી વિશ્વને અને ખાસ કરીને આપણા દેશને વૈકલ્પિક આર્થિક નીતિની આવશ્યકતા છે. ગાંધીજીએ ચરખાની પુનર્શોધ કરી ત્યારે આ દેશમાં ખાદી કાપડ તરીકે ભુલાઈ ગઈ હતી. દેશમાં કાપડની મિલો સ્થપાઈ ચૂકી હતી અને કાપડનું મિલો દ્વારા જ ઉત્પાદન થતું હતું. સ્વરાજની લડત માત્ર રાજકીય લડત તરીકે જોવાતી હતી. ગાંધીજી સ્પષ્ટ હતા કે રાજકીય સ્વરાજ કે સ્વતંત્રતાની વાત દેશમાં ચાલતી હતી તે તો જ મળે જો રોટી, કપડાં, મકાન જેવી પ્રાથમિક જરૂરિયાતો માટે દરેકે દરેક માણસ સ્વતંત્ર હોય, સ્વનિર્ભર હોય. ગાંધીજીને મન જ્યાં સુધી આર્થિક ગુલામી પૂરી ન થાય ત્યાં સુધી રાજકીય ગુલામીમાંથી છુટકારો મળે તો પણ નકામો. આથી જ ખાદીને ગાંધીજીએ સ્વરાજનું સાધન કહ્યું. એમણે ૧૨/૩/૧૯૨૨માં 'નવજીવન'માં લખ્યું કે 'We can not claim to have understood the meaning of swaraj till. Khadi becomes as universal as the currency.' અને એ જીવ્યા ત્યાં સુધી ખાદી પર એમનો ભરોસો એવો ને એવો જ મજબૂત હતો. ૧૯૪૭માં પટનાના કાર્યકરોને સંબોધતા એમણે કહ્યું કે 'We shall all perish if we do not practise spinning and weaving of Khadi.' એમને તો ખાદી પ્રવૃત્તિમાં બધાંને જોડવાં હતાં.

ખાદી એમને મન વિદેશી કપડાંને બદલે અપનાવેલ કાપડ ન હતું. તા. ૪-૮-૧૯૨૯માં નવજીવનમાં એમણે લખ્યું કે 'If all those who are dedicated to swaraj, also dedicate themselves to the cause of khadi...... the people will acquire new vigour and self confidence. વળી ૨૮-૨-૧૯૪૬માં હરિજન સેવામાં લખે છે કે Swaraj cannot come through the machine but if 200 million people with full understanding produce Khadi with their own labour and wear it, the face of India will be transformed.' ટૂંકમાં ગાંધીજીને દેશ અને દુનિયામાં જે બદલાવ લાવવો હતો તે ખાદી પ્રવૃત્તિ દ્વારા લાવી શકાશે એવી એમને શ્રદ્ધા હતી. એ માનતા હતા કે ખાદીને અપનાવવાથી ભૂખે મરતાં લાખો લોકોની આવક વધશે. ગ્રામીણ અર્થતંત્ર જીવતું થશે. દરેક જણ સ્વતંત્રતાનો અનુભવ કરશે. ખાદી પૈસાદારને ગરીબ સાથે જોડશે, જેનાથી સમગ્ર પ્રજામાં બંધુત્વ, એકત્વ અને સંવાદિતા વધશે. કચડાયેલા લોકોનો આત્મવિશ્વાસ વધશે. મનની સંકડાશ દૂર થશે અને જીવન સત્યપ્રેરિત, પવિત્ર અને શાંતિમય થશે. ખાદી વચેટિયા માણસોને દૂર કરી વધારે સ્વસ્થ બજાર ઊભું કરશે.કાપડમાં સ્વાવલંબન આવતા

(અનુસંધાન પૃ.૨૬ પર...)

સંપાદક : **મંદા પરીખ**

'ભારતીય સમુદાય શિક્ષણ સંઘ' સંચાલિત

**યાત્રાપથ**

• પ્રકાશક •

**ભારતીય સમુદાય શિક્ષણ સંઘ**

'યાત્રાપથ' દર જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ, ઑક્ટોબરની ૧૫ તારીખે રવાના કરાય છે. તા. ૨૦ સુધીમાં જો અંક ન મળે તો કાર્યાલયના સરનામે જાણ કરશો.

• કાર્યાલય •

**ભારતીય સમુદાય શિક્ષણ સંઘ**

**સમુદાય શિક્ષણ ભવન**

ઑફ આશ્રમરોડ,

નવજીવન પ્રેસ રોડ,

અમદાવાદ-૩૮૦૦૧૪

ફોન : ૦૭૯-૨૭૫૪૩૧૭૪

Email : iscehouse@gmail.com

Website : http://iscecommunity.org

Facebook : iscehouse@gmail.com

**વાચકોને : આપના પ્રતિભાવો અને કાર્યક્રમોની વિગતો જો મોકલશો તો આભારી થઈશું.**

મુદ્રક :

**અર્થ કમ્પ્યૂટર**

૨૦૩, મૌર્ય કોમ્પ્લેક્સ,

સી. યુ. શાહ કૉલેજ પાસે,

ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪

મો. ૯૩૨૭૦૩૬૪૧૪

Subject to Ahmedabad Jurisdiction

## ક્રમની કેડીએ...

| *ક્રમ વિષય* | *પૃષ્ઠ* |
|---|---|
| ૧. સંપાદકીય | ૧ |
| ૨. નઈ તાલીમ અને સમાજ નિર્માણ | ૪ |
| ૩. ગાંધીજીના બિનસાંપ્રદાયિકતાના વિચાર પર જાહેર ચર્ચા | ૧૦ |
| ૪. પ્રવૃત્તિ સરિતા | ૧૪ |
| ૪.૧ ૨૦મું પ્રા. રામલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાન | ૧૪ |
| ૪.૨ કેનેડા આંતરરાષ્ટ્રીય પરિષદ જૂન ૪-૭ (૨૦૨૦) | ૧૬ |
| ૪.૩ આરોગ્ય તપાસ શિબિર - ઝાંખરિયા | ૧૭ |
| ૪.૪ એક દિવસીય વિજ્ઞાન કાર્યશાળા | ૧૮ |
| ૪.૫ કૉમ્પ્યૂટર ક્લાસ | ૧૯ |
| ૪.૬ ધ્વજવંદન | ૨૦ |
| ૪.૭ સભ્યનોંધણી | ૨૦ |
| ૫. સમુદાય શિક્ષણમાં અવનવું | ૨૧ |
| ૫.૧ આગામી આંતર રાષ્ટ્રીય પરિષદ | ૨૧ |
| ૫.૨ મહિલા સશક્તીકરણ અને કાયદા કાનૂની સલાહ, સૂચન અને માર્ગદર્શન કાર્યશાળા | ૨૨ |
| ૬. પુસ્તક પરિચય | ૨૩ |
| ૭. આગામી કાર્યક્રમો | ૨૬ |
| ૭.૧ વાંચન શિબિર | ૨૬ |
| ૭.૨ માતૃભાષાદિનની ઉજવણી | ૨૬ |



# ૨. નઈ તાલીમ અને સમાજ નિર્માણ*

**- પ્રા. રામલાલ પરીખ**

ગાંધીજીએ કેળવણીને સામાજિક પરિવર્તનનું સૌથી અસરકારક સાધન માન્યું હતું. અહિંસા અને ન્યાયને વરેલા સમાજની સ્થાપના કરવાની મુખ્ય જવાબદારી તેમણે કેળવણીકારોને માથે નાખી હતી. મનુષ્યનું ઘડતર કેળવણીથી થાય છે. પણ તેથી પણ વિશેષ મહત્ત્વની વાત એ છે કે કેળવણી અને સમાજ બે વચ્ચે કોઈ સુમેળ ન હોય તો ઉત્તમમાં ઉત્તમ કેળવણીથી પણ મનુષ્ય એકાંગી અને સમાજને નિરુપયોગી બની શકે છે એટલું જ નહિ પણ ઘણીવાર આવી એકાંગી કેળવણીથી તે સમાજને બોજારૂપ અને ઉપદ્રવકારક બને છે. ભારતના કરોડો શ્રમજીવીઓ સાથે કશી લેવાદેવા ન રહે એ ઢબે પરાધીનતાના કાળમાં કેળવણીની વ્યવસ્થા યોજાઈ. તેનું સ્વાભાવિક અને સીધું પરિણામ એ આવ્યું કે દેશમાં બુદ્ધિજીવીઓ અને શ્રમજીવીઓના નોખા વર્ગો બની ગયા અને તે બંને વચ્ચેનું અંતર લગાતાર વધતું રહ્યું. ભારતીય રાષ્ટ્રને વિચ્છિન્ન કરનારી આ પ્રક્રિયાને ગાંધીજી બરાબર પારખી ગયા હતા અને તેથી જ સ્વરાજની લડતોમાં તેઓ ગળાડૂબ રોકાયેલા હોવા છતાં ક્યારેય શિક્ષણની પુનઃરચનાના કામને તેઓ ભૂલ્યા ન્હોતા, બલ્કે સ્વરાજ પ્રાપ્તિ માટે તેમજ નવીન સમાજ વ્યવસ્થાની સ્થાપના માટે 'કેળવણી વડે ક્રાંતિ' કરવાનો તેમનો હંમેશાં પ્રયાસ રહ્યો.

શિક્ષણશાસ્ત્રની ફિલસૂફીમાં ગાંધીજીએ તેમની સહજબુદ્ધિથી જે અર્પણ કર્યું તે વ્યક્તિ અને સમાજની અવિભાજ્યતાને જાળવનારી કેળવણીની પદ્ધતિ છે. વ્યક્તિનું ઘડતર અને તેની ઉન્નતિ એ કેળવણીનું ધ્યેય છે. પણ તે ઘડતરનો હેતુ તેને સમાજને વધુ ઉપયોગી બનાવવાનો હોવો જોઈએ. મનુષ્યના વૈયક્તિક વિકાસ અને સામાજિક ઉપયોગિતા બંનેનો એકી સાથે સંવાદી વિકાસ સાધી શકાય અને કેળવણીના સામાજિક હેતુઓ પર ભાર મૂકવા છતાં, માણસના વ્યક્તિગત વિકાસને પૂરતો અવકાશ રહે એ રીતની શિક્ષણવ્યવસ્થા ગાંધીજીએ દેશ અને દુનિયા સમક્ષ મૂકી છે. શિક્ષણની તેમની કલ્પનામાં મનુષ્યના શરીર, મન અને આત્મામાં જે કંઈ ઉત્તમ તત્ત્વો છે તે બધાનો વિકાસ કરવાની વ્યાપક

* ૨૩ જાન્યુઆરી ૧૯૭૦માં આપેલા રેડિયો વાર્તાલાપના આધારે

પ્રક્રિયાનો સમાવેશ થાય છે. અને છતાં આ આખી પ્રક્રિયા એવી રીતે થવી જોઈએ, કે જેથી મનુષ્યના ઉત્તમ તત્ત્વોનો વિકાસ સમગ્ર સમાજના વિકાસ અને ઉન્નતિમાં પરિણમે. ગાંધીજીએ તેમના જાહેર જીવનના આરંભથી જ આવી સ્પષ્ટ દૃષ્ટિ રાખીને કેળવણીના અનેક પ્રયોગો કર્યાં અને તેના પરિપાક રૂપે તેમના તરફથી આધુનિક વિશ્વને 'નઈ તાલીમ'ના ક્રાંતદર્શી શૈક્ષણિક કાર્યક્રમની ભેટ મળી. અમેરિકાના પ્રસિદ્ધ શિક્ષણશાસ્ત્રી જ્હોન ડ્યુઈએ પણ કામ મારફતે શિક્ષણની વાત કરીને વ્યક્તિ અને સમાજની અવિભાજ્યતા પર ભાર મૂકેલો. પણ આ દૃષ્ટિને વ્યવહારમાં ઉતારનારો સંપૂર્ણ શૈક્ષણિક કાર્યક્રમ વિકસાવવાનું શ્રેય તો ગાંધીજીને જ આપી શકાય છે.

ગાંધીજીના શૈક્ષણિક વિચારોનો વિકાસ તેમના જાહેર જીવનના જુદા જુદા તબક્કે થતો રહ્યો. ૧૯૦૪માં ફિનિક્સ આશ્રમમાં તેમણે ખેતી અને મુદ્રણકામ સાથે અક્ષરજ્ઞાન આપવાના પ્રયોગો શરૂ કર્યાં અને એક આદર્શ 'કૉમ્યુનિટી સ્કૂલ' વિકસાવવાનો પ્રયાસ કર્યો. અહીં બૌદ્ધિક અને વ્યવસાયી કેળવણી એકી સાથે મળી શકતી હતી એટલું જ નહીં પણ આશ્રમની સફાઈ, બાગકામ, રાંધવાનું વગેરે કાર્યો માટે સ્વાશ્રયની તાલીમ વિદ્યાર્થીઓને અપાતી. નઈ તાલીમમાં સમાયેલા ઉત્પાદક કાર્ય, સેવાકાર્ય અને જીવનની રોજિંદી પ્રક્રિયાઓ સાથેનો સંબંધ વગેરે તત્ત્વોના મૂળ આ ૧૯૧૧ના પ્રયોગથી જ જોવા મળે છે. ટોલ્સટોય ફાર્મમાં ગાંધીજી તેમના શૈક્ષણિક પ્રયોગોને વિકસાવતા રહ્યા અને એ દિવસોમાં સખત શારીરિક પરિશ્રમ કરવાની તાલીમ મળે એવા ખોદકામ વગેરેનાં કામોનું પણ આયોજન શિક્ષણના ભાગરૂપે કરવામાં આવતું.

૧૯૧૪માં દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા ફરતી વખતે તેમના શાંતિ નિકેતનના ટૂંકા નિવાસ દરમ્યાન પણ રસોડા વગેરેની વ્યવસ્થા સ્વાશ્રયી ઢબે કરવાની પ્રેરણા તેમણે વિદ્યાર્થીઓને આપી. ૧૯૧૫માં અમદાવાદમાં કોચરબ આશ્રમમાં પણ આશ્રમવાસીઓ સાથે તેમના કેળવણીના પ્રયોગો ચાલુ રહ્યા. ૧૯૧૭માં સાબરમતી આશ્રમમાં રાષ્ટ્રીય શાળાની તેમણે સ્થાપના કરી અને થોડાં જ વર્ષો પછી ૧૯૨૦માં દેશની પ્રથમ રાષ્ટ્રીય વિદ્યાપીઠ તરીકે તેમણે ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. શિક્ષણનું માધ્યમ તમામ તબક્કે માતૃભાષા, હિન્દી-હિન્દુસ્તાનીનું અનિવાર્ય શિક્ષણ, ખાદી અને કાંતણને અનિવાર્ય સ્થાન, બધા ધર્મો પ્રત્યે સમભાવ, બૌદ્ધિક અને શ્રમિક તાલીમને સરખું મહત્ત્વ, અંગ



મહેનતની તાલીમ વગેરે ધ્યેયો સ્પષ્ટ રીતે આંકીને રાષ્ટ્રીય શિક્ષણનો વ્યવસ્થિત કાર્યક્રમ આપ્યો. ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપનાના કાર્યને 'ઋષિ કાર્ય' તરીકે વર્ણવીને કેળવણીમાં કાર્યનીતિને કેટલું પવિત્ર અને મહત્ત્વનું ગણતા હતા તેનો પરિચય આપ્યો.

૧૯૩૭માં દેશની પ્રાથમિક કેળવણીની ભારે દુર્દશા જોઈને તેમણે કેળવણીની સુધારણાના પ્રથમ અને તાકીદના પગલા તરીકે સાત ધોરણની પાયાની કેળવણીનો કાર્યક્રમ આપ્યો જે 'નઈ તાલીમ'ના નામે ઓળખાયો. પ્રાથમિક કેળવણીની પુનઃરચનાથી નઈ તાલીમની શરૂઆત થઈ તેથી એક એવી ગેરસમજ ચાલી છે કે નઈ તાલીમ પ્રાથમિક કેળવણી પૂરતી છે. પણ નઈ તાલીમ તો સમાજ પરિવર્તનનું અને સમાજના નવનિર્માણનું સાધન છે. તે શિક્ષણના કોઈ એક સ્તર પૂરતું મર્યાદિત રહી ન શકે. ગાંધીજીએ પોતે જ ૧૯૪૬માં 'હરિજન'માં આ બાબતનો ખુલાસો કરેલો અને યુનિવર્સિટી - શિક્ષણનું 'નઈ તાલીમ' સાથે સંયોજન કરવાની વાત કરેલી.

નઈ તાલીમનો ખ્યાલ ૧૯૩૭ની અખિલ ભારતીય રાષ્ટ્રીય કેળવણી પરિષદના ઠરાવમાં આ શબ્દોમાં વ્યક્ત કરવામાં આવેલો છે : 'કેળવણીની પ્રક્રિયા કોઈ પ્રકારના શારીરિક અને ઉત્પાદક કામની આસપાસ ગુંથાવી જોઈએ અને બાળકનું વાતાવરણ લક્ષમાં રાખીને પસંદ કરેલા એવા મધ્યવર્તી હાથ ઉદ્યોગની જોડે બને ત્યાં સુધી અનુસંધાન રહે એવી રીતે તેની બધી શક્તિઓનો વિકાસ થવો જોઈએ કે શિક્ષણ અપાવવું જોઈએ.' આ શબ્દોમાં વ્યક્ત થયેલો નઈ તાલીમનો સિદ્ધાંત સ્વયં સ્પષ્ટ છે અને ઉદ્યોગો અને વાતાવરણ બંને સાથે અનુસંધાન કરીને શિક્ષણની સમગ્ર પ્રક્રિયા ચલાવવાની શુદ્ધ શૈક્ષણિક વાત આમાં કહેવામાં આવી છે. ફક્ત સાક્ષરી કેળવણી કે ફક્ત વ્યવસાયી કેળવણી બંને છેલ્લા પાટલાની વાતોને બદલે અહીં બૌદ્ધિક અને શ્રમિક પ્રક્રિયાનો સમન્વય સાધવાની વાત છે. શિક્ષણ-શાસ્ત્રના કોઈપણ સિદ્ધાંતની કસોટીએ આ વૈજ્ઞાનિક કહી શકાય એવી બાબત છે. 'શારીરિક અને ઉત્પાદક કામ' મારફતે શ્રમની સામાજિક ઉપયોગિતાનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. આમ કોઈ ઉત્પાદક ક્રિયાની આસપાસ કેળવણી આપવાનો વિચાર એ નઈ તાલીમનો કેન્દ્રીય વિચાર હોવા છતાં તેમાં જ નઈ તાલીમનો સમગ્ર ખ્યાલ આવી નથી જતો. નઈ તાલીમ માણસને પોતાના જીવન સાથે, સમાજ સાથે અને ઉત્પાદક

પ્રક્રિયા સાથે, એમ ત્રણેય અંગો સાથે જોડે છે. અને આ વાર્તાલાપના પ્રારંભમાં જ મેં કહ્યું તે પ્રમાણે 'નઈ તાલીમ'નો હેતુ કેળવણીને સમાજના નવનિર્માણ અને પુનઃરચનાના અસરકારક સાધન તરીકે વિકસાવવાનો છે. આ પરિણામ જીવન, સમાજ અને ઉત્પાદકતાની ત્રણેય પ્રવૃત્તિઓ એકત્રિત રીતે અને સમન્વિત રીતે ચલાવવાથી આવી શકે. એટલે એ ત્રણેય તત્ત્વોમાંથી કશું જ છોડી શકાય નહીં કે તેમાંના કોઈપણ એક તત્ત્વને બીજાને ભોગે વિકસાવી ન શકાય. આ ત્રણેય ક્રિયાઓ સાથે અને સાહજિક રીતે ગોઠવવાની શક્યતા જેટલી નઈ તાલીમમાં છે તેટલી આજસુધી થયેલા કેળવણીના વિવિધ પ્રયોગોમાં દેખાઈ નથી.

ભારતે ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીથી પ્રજાસત્તાક રાજ્ય-બંધારણ અપનાવ્યું. બંધારણની પ્રસ્તાવનામાં ભારતના સમસ્ત પ્રજાજનોના નામે, સામાજિક ન્યાયના પાયા ઉપર આપણા સમાજનું નિર્માણ કરવાની આપણે પ્રતિજ્ઞા લીધી છે. આનો સ્પષ્ટ અર્થ એ થયો કે ચાલુ સમાજની વિષમતાઓ આપણે દૂર કરવી પડશે. આર્થિક અને સામાજિક ભેદભાવો પર પોષાયેલો આપણો સમાજ પાયાનો ફેરફાર માંગે છે અને તે ફેરફાર જૂની સમાજરચનાના મૂલ્યોને ફેરવ્યા વિના ન થઈ શકે એ સ્પષ્ટ વાત છે. આ મૂલ્ય પરિવર્તનનું સહુથી મોટુ ક્ષેત્ર તો કેળવણી જ છે. કારણ જૂનાં મૂલ્યો પણ કેળવણી મારફતે જ પોષાયાં અને નવાં મૂલ્યોનું સર્જન પણ શિક્ષણ મારફતે જ થઈ શકે. આ નવાં મૂલ્યો સ્થાપવાની ઝંખના નઈ તાલીમ જેવી કેળવણી પદ્ધતિ અપનાવ્યા સિવાય પેદા કરી શકાશે ? ચાલુ કેળવણી તો રાષ્ટ્રીયતાની કે સામાજિક ન્યાયની દૃષ્ટિ વિકસાવવામાં સફળ થઈ નથી, એ સહુ કબૂલ કરે છે. તો પછી તેમાં ફેરફાર કર્યા વિના કેવી રીતે નવો સમાજ સ્થાપી શકાય ? એટલે જ નઈ તાલીમને ફક્ત એક ટેક્નિક તરીકે જોવાથી રાષ્ટ્રના નવનિર્માણ સાથેના તેના સંબંધના હાર્દને પારખી શકશે નહિ. નવી સમાજરચના અને નવનિર્માણ ફક્ત ભૌતિક ક્ષેત્રે પ્રગતિ કરવાથી થઈ શકતા નથી એ વાત તો બાવીસ વરસના આપણા અનુભવથી હવે સિદ્ધ થઈ છે. ભારતીય સમાજનું નવનિર્માણ એટલે કરોડો શ્રમજીવીઓ માટે નવું જીવન. કોઈપણ પ્રકારના ભેદભાવોનો નિષેધ કરતી શ્રમનિષ્ઠ સમાજવ્યવસ્થા સિવાય આ નવું જીવન કેવી રીતે શક્ય બને ? 'નઈ તાલીમ' સમક્ષ આ નૂતન સમાજનું ચિત્ર સતત રહ્યા કરે છે અને ભણેલા યુવાનોમાં શ્રમનિષ્ઠા કેળવીને તે સમાજના કરોડો આમજનો સાથે સમભાવ



અને સમાનતાના પાયા પર રહેવાની દૃષ્ટિ તેમનામાં કેળવી શકે છે. આ સિદ્ધિ એટલી મોટી અને મહત્ત્વની છે કે તેની આગળ તેના પ્રત્યક્ષ વ્યવહારમાં ઊપસી આવેલી થોડીક ઊણપો ગૌણ બને છે. સામાજિક કાર્યો સાથેના પ્રત્યક્ષ અનુભવ પર નઈ તાલીમમાં રખાતા આગ્રહને પરિણામે શ્રમનિષ્ઠા ફક્ત માનસિક સંવેદના પૂરતી મર્યાદિત ન રહેતા રોજિંદા વ્યવહારમાં આચરવાની કળા બને છે.

સામાજિક પરિવર્તનની હવા દેશમાં જોર પકડતી જાય છે અને તેથી શિક્ષણના ચાલુ માળખામાં રહીને પણ શિક્ષણનો સામાજિક સંદર્ભ વધારવાના કાર્યક્રમો વિચારાઈ રહ્યા છે. ડૉ. કોઠારીના પ્રમુખપદે નિમાયેલા શિક્ષણ-પંચે પણ કેળવણીના અંતર્ગત ભાગ તરીકે 'કાર્યાનુભવ'ની ભલામણ કરી. શિક્ષણનો રાષ્ટ્રીય વિકાસ સાથે વધેલો સંબંધ જોતાં તેમણે નઈ તાલીમના પાયાના તત્ત્વોને સાર્વત્રિક કરવાની વાત પણ સ્વીકારી. પણ આખા વિશ્વને પોતાની ભેટ તરીકે ગાંધીજીએ જેને ગૌરવભેર બિરદાવી તે 'નઈ તાલીમ'ની રાષ્ટ્રીય યોજનાનો સુધારા-વધારા કરીને પણ આપણે સ્પષ્ટ સ્વીકાર ન કર્યો તેથી વધુ કમનસીબ બાબત આ દેશના માટે કઈ હોઈ શકે ?

આમ છતાં સમાજપરિવર્તનની નવી હવાનો પડઘો 'રાષ્ટ્રીય સમાજસેવા'ની યોજનાને મર્યાદિત રીતે પણ ચાલુ વરસે યુનિવર્સિટીઓમાં લાગુ કરવામાં પડ્યો છે. ચાલુ કેળવણીની સંકીર્ણતાને દૂર કરવાનો આનાથી પ્રારંભ થઈ શકશે. પણ આ યોજના શિક્ષણની સમગ્ર પ્રક્રિયાથી અલગ રહીને કામ કરે અને તે કેળવણીની પદ્ધતિનો સાહજિક ભાગ ન બને તો તેનો ઉદ્દેશ ભાગ્યે જ પાર પાડી શકે. શારીરિક શિક્ષણ, એન.સી.સી. વગેરે યોજનાઓનો આપણો અનુભવ સ્પષ્ટ કરે છે કે કેળવણીની રોજિંદી પ્રક્રિયા તરીકે અને બૌદ્ધિક જ્ઞાનના વાહન તરીકે તેનો ઉપયોગ ન થાય તો બૌદ્ધિક જ્ઞાન પ્રાપ્તિ અને સમાજના જીવંત સંસર્ગથી પ્રાપ્ત થતી સૂઝ અને આવડત વચ્ચેનું અંતર ચાલુ રહેશે. ગાંધીજીએ તેમના કેળવણી વિષયક વિચારો મારફતે આ અંતર નાબૂદ કરવાની યોજના બતાવી છે. તેમાં સમય અને સંજોગો પ્રમાણે ફેરફાર થતો રહે પણ સામાજિક વ્યવહાર અને બૌદ્ધિક જ્ઞાન વચ્ચેનો સમન્વય કરવાની 'નઈ તાલીમ'ની વાત એક અથવા બીજા સ્વરૂપે કેળવણીના કોઈપણ પરિવર્તનના પાયામાં રહેવી જરૂરી છે. આથી જ 'રાષ્ટ્રીય સમાજસેવા'ની યોજનાને સાચા અર્થમાં સમાજનિર્માણ અને રાષ્ટ્રીય પુનઃરુત્થાનનું વાહન બનાવ્યું હોય તો

તેનું અલગતાપણું દૂર કરીને 'નઈ તાલીમ'ની ઢબે તેને શિક્ષણની સમગ્ર વ્યવસ્થામાં અંતર્ગત અને અવિભાજ્ય કરવી જોઈએ. આમ કરવાથી તેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીયતા અને સમાજસેવાની સ્વાભાવિક ઝંખના વિકસતી રહેશે.

ગુજરાતની રાષ્ટ્રીય શિક્ષણ આપતી નઈ તાલીમની સંસ્થાઓમાં તેમની આસપાસના સમાજ સાથેના નિકટના સંબંધના કારણે એકંદરે તેમના વિદ્યાર્થીઓની રોજગારીનો પ્રશ્ન હળવો રહ્યો છે. મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય, લોકભારતી કે ગાંધી વિદ્યાપીઠ વેડછીના સ્નાતકોને તેમના ભણતર દરમ્યાન જ તેમણે જેમાં અનુભવ લીધો છે એવી કોઈને કોઈ સંસ્થામાં કામ મળી રહે છે. ભણનારને કામ ક્યાં શોધવું તેની ભણતર પૂરું કર્યા પહેલા ખબર હોય છે અને સમાજની જુદી જુદી સંસ્થાઓ તેમને અપનાવવાની રાહ જોતી હોય છે એવા સંજોગો પણ પેદા થાય છે. એ દૃષ્ટિએ ગુજરાતમાં તો પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણક્ષેત્રે પણ 'નઈ તાલીમ'ની કેળવણીના સફળ પ્રયોગો થયા છે. આ બધા પ્રયોગોમાં જે સિદ્ધ થયું છે તે કેળવણીના સમગ્ર ક્ષેત્રે જો સ્વીકારાય તો એથી પણ વધુ સારાં પરિણામો જરૂર લાવી શકાય.

આજના વિજ્ઞાન યુગની સિદ્ધિઓને સમાજગત કરવા માટે પણ 'નઈ તાલીમ'ની ઢબે કેળવણી આપવી જરૂરી છે. વિજ્ઞાન જેવા પ્રત્યક્ષ વ્યવહારના વિષય સાથે 'નઈ તાલીમ'ની રીતો વધુ અનુકૂળ છે અને 'નઈ તાલીમ' અને આધુનિક વિજ્ઞાનનું સંયોજન કરવાથી સામાન્ય જનતામાં વિજ્ઞાનનો ફેલાવો કરવાનું સરળ બનશે. સમાજ પ્રત્યેની નવી જવાબદારીઓ પ્રત્યેનું કર્તવ્યભાન કેળવીને તેનું નવનિર્માણ કરવાની 'નઈ તાલીમ'થી મળતી શક્તિનો સહુ કેળવણીકારો સ્વીકાર કરશે એવી આશા રાખીએ.

**ક્ષમા યાચના**

યાત્રાપથના જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૧૯ના અંકમાં સ્વ. શ્રી રામલાલ પરીખ દ્વારા 'અનુસૂચિત જાતિઓની એક તાસીર'ના શીર્ષકથી લખાયેલ લેખમાં હરિજન શબ્દનો ઉપયોગ અનેક વાર થયો છે. પણ આ પ્રવચન સન તા. ૧૭-૨-૧૯૮૫માં અપાયું હતું. ત્યારે આ શબ્દ પર પ્રતિબંધ ન હતો. છતાં પણ આ શબ્દોથી જેમની લાગણી દુભાઈ હોય એ સર્વની સંસ્થા ક્ષમા પ્રાર્થે છે.



## ૩. ગાંધીજીના બિનસાંપ્રદાયિકતાના વિચાર પર જાહેર ચર્ચા

**- રાજીવ ભાર્ગવ**

જામિયા મિલિયા ઈસ્લામિયાના એક યુવાન વિદ્યાર્થી નિખિલને ટીવીના એન્કરે પૂછ્યું કે 'જામિયા તમારે માટે શું છે ?' નિખિલનો જવાબ સંવેદનાપૂર્ણ અને ગમે એવો હતો. એણે થોડીવાર વિચાર કર્યા પછી જવાબ આપ્યો - 'જામિયાએ મને વિવેકપૂર્ણ વર્તન શીખવ્યું, બંધારણ વિશે સમજ આપી અને મને વાંચતા, લખતાં અને વિચારતાં શિખવાડ્યું. જ્યારે હું જામિયામાં આવ્યો ત્યારે મને ભારત વિશે કંઈ જ સમજ ન હતી. જામિયાએ મને મારા દેશને સમજવા પ્રેર્યો. હું મારી જિંદગીના અંત સુધી ગાંધીજીના સ્વપ્નને સાકાર કરવા મથીશ. મારે મારું બિનસાંપ્રદાયિક ભારત પાછું જોઈએ છે.'

મહાત્મા ગાંધીનું નામ યોગ્ય રીતે જ લેવાયું. કારણ ગાંધીજીની બિનસાંપ્રદાયિકતાની સમજ એ પ્રવર્તમાન ત્રણે અભિગમ કરતાં જુદી છે. હાલમાં પ્રવર્તમાન અભિગમોમાં

(૧) પહેલો અભિગમ તે રાજકીય બિનસાંપ્રદાયિકતાનો અભિગમ જે પશ્ચિમ યુરોપ અને ઉત્તર અમેરિકામાં ખૂબ પ્રચલિત છે. આ અભિગમ લોકોમાં સમાનતા જાળવવા માટે અને વ્યક્તિગત સ્વતંત્રતાને જાળવવા માટે શાસન અને ચર્ચને એકબીજાથી સ્વતંત્ર રાખવા જોઈએ એવું મળે છે. આ ખ્યાલમાં બંધુત્વ કે લોકો વિશે કોઈ વિચાર કરવામાં આવ્યો નથી જે આપણા જેવા વૈવિધ્યપૂર્ણ સમાજમાં અત્યંત મહત્ત્વનું છે.

(૨) ભારતની કાયદાકીય, તાત્ત્વિક, બંધારણીય બિનસાંપ્રદાયિકતા કે જેમાં વિવિધ પ્રકારની જટિલતા, સર્વસમાવેશતા અને વૈવિધ્ય છે. અહીં શાસકો માટે તમામ ધાર્મિક સમુદાયોથી પોતાને અલગ રાખવાનું અનિવાર્ય હોય છે, જેથી કરીને એક ધર્મ બીજા ધર્મ પર પોતાનું આધિપત્ય ન સ્થાપે, ધર્મ આધારિત સમાજને વહેંચવાનો પ્રયાસ ન થાય, અને ધર્મની અંદર રહેલા ઝનૂન બહાર ન આવે તે માટે ધર્મ અને શાસન એકબીજાથી મુક્ત રહે છે.

(૩) બિનસાંપ્રદાયિકતાનો ત્રીજો અભિગમ એ આપણા રાજકીય પક્ષોએ ઊભો કર્યો છે જેને હું પક્ષીય રાજકારણની બિનસાંપ્રદાયિકતા કહું છું. પણ

* The Hinduમાં મૂળ અંગ્રેજીમાં પ્રકાશિત થયેલા લેખનો અનુવાદ રાજીવ ભાર્ગવ.

બિનસાંપ્રદાયિકતાના આ ખ્યાલને યાદ કરવો જરૂરી નથી. કારણ કે એ સિદ્ધાંતવિહીન છે, તકવાદી છે, બધા ધર્મોના રૂઢિવાદી, વાસી થઈ ગયેલા અને પ્રત્યાઘાતી વલણો સાથે એ રમત રમે છે. એનો ઉદ્દેશ માત્ર સત્તાને મેળવવાનો કે ટકાવવાનો હોય છે. એ હુલ્લડો સર્જી શકે છે અને જુદા જુદા ધર્મો વચ્ચેના અણબનાવ પર પોતાની રોટલી શેકે છે.

આથી વિરુદ્ધ ગાંધીજીએ બિનસાંપ્રદાયિકતાના વિચારને ખૂબ સાદા શબ્દોમાં આપ્યો. 'એક જ વિસ્તારમાં રહેતા તમામ ધર્મોના સમુદાયો એકબીજા સાથે સરળતા અને સહજતાથી રહી શકવા જોઈએ.' આ લોકઆધારિત ખ્યાલ છે. ગાંધીજીનો આ ખ્યાલ આપણા બધાના મનમાં હતો જ, પણ પ્રવર્તમાન ધર્મ આધારિત રાજકારણથી એ ખ્યાલ ઝાંખો થઈ ગયો હતો. આમાંથી બહાર નીકળવા કોઈ પણ ધર્મ સાથે નજીકથી ન જોડાયેલું હોય એવું રાજ્ય જરૂરી છે. એટલું જ નહીં પણ જ્યારે જ્યારે ધર્મ આધારિત સમુદાયો વચ્ચે અણબનાવ થાય ત્યારે રાજ્યે સામુદાયિક સંવાદિતા પુનઃ સ્થાપિત થાય તે માટે પ્રયાસ કરવા જોઈએ. રાજ્ય બધા ધર્મોથી અંતર જાળવે તો જ તે જુદી જુદી કોમ વચ્ચે બંધુત્વ ઊભું કરી શકશે. રાજકીય અલગતાવાદને અટકાવી શકશે.

ભેદભાવયુક્ત નાગરિકતાના કાયદાની વિરુદ્ધ ગાંધીજીના બિનસાંપ્રદાયિકતાના ખ્યાલથી પ્રેરિત આટલા બધા યુવાન ભાઈઓ બહેનો એમના સાંવિધાનિક બિનસાંપ્રદાયિકતાના ખ્યાલને બચાવવા રસ્તા પર આવેલા જોઈને ખુશી થાય છે. એમની વાતમાં નીચેના ચાર મુદ્દા અગત્યના છે :

(૧) ભેદભાવયુક્ત અને અસ્પષ્ટ નીતિઓ દ્વારા જે અન્યાય કરવામાં આવી રહ્યો છે. તે અસાંવિધાનિક છે અને દેશના દરેક નાગરિક (માત્ર ભેદભાવથી પ્રભાવિત નાગરિકો નહીં)નું એથી ગૌરવ હણાય છે. રાષ્ટ્રવ્યાપી તોફાનોમાં અનેક લોકોને જોડાયેલા જોઈને એ બાબત સ્પષ્ટ થઈ જાય છે કે ધર્મ આધારિત ભેદભાવ કરતો કોઈ પણ કાયદો કે નીતિ લોકોને સ્વીકાર્ય નથી. સરકારી અમલદારો પાસે દસ્તાવેજો રજૂ કરીને નાગરિકતા લેવાનો ખ્યાલ જ ઘૃણાકારક છે. ભારતમાં જન્મેલ કોઈ પણ ભારતનો નાગરિક છે જ અને શાસને એ માનવું પણ જોઈએ. એને કંઈ સાબિત કરવાનું ન હોય ! વિરોધ કરનાર મોટાભાગના વિદ્યાર્થીઓ માને છે કે નાગરિકતાના કાયદામાં કરેલા સુધારા ભેદભાવયુક્ત છે. સંવિધાનની કલમ ૧૪, ભારતમાં રહેતા તમામને



સરખું જ કાયદાનું રક્ષણ આપે છે. ધારો કે યુરોપના કોઈક યુવાને ભારતમાં ગંભીર ગુનો કર્યો તો શું એને જુદો કાયદો લાગુ પડશે ? એકમાત્ર કારણથી કે એ યુરોપનો ઈસાઈ છે ? ના, આની સરખામણીમાં જો બીજા દેશમાં હેરાનગતિના નામે ભારતમાં ગેરકાયદે રીતે કોઈ વ્યક્તિ સ્થળાંતરિત થાય તો એની યોગ્ય તપાસ કરી અને પાછો મોકલી દેવો જોઈએ. બધાને માટે આવા કિસ્સામાં પણ સરખો જ કાયદો લાગુ પડવો જોઈએ. ક્યાં તો બધા જ ગેરકાયદે રહેતા લોકોને કાઢો અથવા તો બધાને નાગરિકતા આપો. ભારતની અંદર રહેતા કોઈપણ ભારતીય કે પરદેશી નાગરિક સાથે સરખો વ્યવહાર થવો જોઈએ. વિદ્યાર્થીઓ આ માંગે છે.

(૨) તિરસ્કાર અને બદલાના રાજકારણને આ વિદ્યાર્થીઓ નકારે છે. આવી નીતિઓનો વિરોધ કરનારાના મતે બદલાનું રાજકારણ શાંતિ અને સ્થિરતાને ડહોળે છે અને નારાજગી અને વેરભાવનું વિષચક્ર ઊભું કરે છે. હકીકતે ભૂતકાળમાં પણ આ કોમો વચ્ચે સંઘર્ષો અને યુદ્ધો થયા છે પણ ૧૯મી સદીમાં જ્યારથી અત્યંત હાનિકારક એવી જાતિ આધારિત રાષ્ટ્રવાદી વિચારધારા ભારતમાં આવી ત્યારથી જ આ કોમો વચ્ચે ભાગલા પડ્યા અને જેનું અત્યંત કરુણ પરિણામ ૧૯૪૭માં આવ્યું. આ દેશના યુવાનોને સમજાયું છે કે પ્રવર્તમાન સરકારના નેતાઓ આ દુઃખદ બનાવોમાંથી કશું શીખ્યા નથી અને દેશ સમગ્રમાં એક હિન્દુ ઓળખ, કે જે બીજા ધર્મોવાળા સાથે શત્રુતાથી ભરેલી હોય તેને મજબૂત કરવાની નીતિઓ ચાલુ રાખે છે.

(૩) ભારતની સભ્યતા, સંસ્કૃતિ, સંસ્કારને ઘડવામાં મુસલમાનોના ફાળાને આ યુવા હિન્દુઓએ જાહેરમાં સ્વીકાર્યો છે. યુવા મહિલાઓ અને પુરુષો આગ્રહપૂર્વક કહે છે કે અમારી ઓળખ બીજા ધર્મના સંદર્ભમાં નક્કી ના થવી જોઈએ. કોઈ મુસલમાનનો વિરોધ કર્યા વગર પણ હિન્દુ થઈ શકે અને એવું જ એથી વિરુદ્ધ પણ. ભારતીય નાગરિકો એકબીજાની ભિન્નતાને સહન કરીને જ નહીં પણ એને સ્વીકારીને એમને સામાજિક અને જાહેર જીવનમાં જગા આપવા ઈચ્છે છે. તેઓ એકબીજાની હાડમારીમાં અને એકબીજાના જીવનમાં ભાગીદારીને ઈચ્છે છે. લડત કરતાં યુવાનોએ કહ્યું છે કે નાગરિકો વચ્ચેની મિત્રતાને તોડવાના કોઈ પ્રયાસોને એ સાંખી લેશે નહીં.

સંસ્કૃતિની અખંડિતતા, જાહેર રીતભાતના ધોરણો, શિષ્ટાચાર, સંસ્કૃતિમાં થયેલ સુધારાને આકાર આપવામાં મુસ્લિમ સહિત અનેક ધાર્મિક રૂઢિઓનો ફાળો છે. દા.ત. આપણી સંસ્કૃતિમાં કવ્વાલી અને ગઝલનું મહત્ત્વ ભજન જેટલું જ છે. કેટલાંક અતિ પ્રચલિત હિન્દી ફિલ્મના ભજનો સાહિર લુધિયાનવી, જાવેદ અખ્તરે નથી લખ્યા ? અને મહંમદ રફી અને લતા મંગેશકરે નથી ગાયા ? કે નૌશાદે કંપોઝ કર્યા હોય અને રહેમાને ગાયા હોય એવાં ગીતો નથી ? આ એમ જ નથી બનતું. ભારતીય જનતા પાર્ટી પ્રત્યે સહાનુભૂતિ રાખતા પરેશ રાવલે પણ કહ્યું કે 'ફિરોજખાનને બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં સંસ્કૃત ન ભણાવવા દેવા જેવા વિચિત્ર વાત કરનારાના જોઈને એ દંગ થઈ ગયા છે. વિદ્વત્તાની આ પ્રથા વર્ષો જૂની છે. ભૂતકાળમાં છેક દારા શિકોહ અને અમીર ખુસરોથી લઈને આજના આધુનિક ભારતમાં, મહંમદ હતીફ ખાન શાસ્ત્રી અને પંડિત ગુલામ દસ્તાગીર જેવા સ્કૉલરો સુધી જાય છે.

(૪) વિરોધ કરનારાઓ કહે છે કે ધાર્મિક દુરાગ્રહથી રોજબરોજના જીવનના પ્રશ્નોથી આપણે દૂર હટતા જઈએ છીએ. હવે ભાગલા પાડો અને રાજ કરો એ નીતિ નહીં ચાલે. એક પોસ્ટરમાં આ દઢપણે મુકાયું હતું. સરકારનું કામ તમામ લોકોની (હિન્દુ મુસલમાન બધાની) જિંદગીને સરળ બનાવવાનું છે, એને ખલાસ કરવાનું નથી.

જાહેર ચર્ચામાં આ યુવા ભારતીય વિદ્યાર્થીઓએ બિનસાંપ્રદાયિકતાની વાત આણી છે આ વાત જે લોકો ભારતનું વૈવિધ્ય જાળવી રાખવા માંગે છે; ભારતના સંવિધાનની તરફેણ કરે છે તે બધા ભારતીયને સારું જીવન મળે તે ઈચ્છે છે, તેમના માટે ખૂબ જ રાહત આપનારી અને આનંદ આપનારી છે.

*"Constitution is not mere lawyers' document, it is a vehicle of life and its spirit is always the spirit of age."*

- B. R. Ambedkar

•

*"Who Lives if India Dies."*

*- Jawaharlal Nehru*

•

*"So long as you do not achieve social Liberty, whatever freedam is provided by the law is of no avail to you.*

*- B. R. Ambedkar*



## ૪. પ્રવૃત્તિ સરિતા

### ૪.૧ ૨૦મું પ્રા. રામલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાન

ગત ૨૧ નવેમ્બર, ૨૦૧૯ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ ઍસોસિયેશન ખાતે ૨૦મું પ્રા. રામલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાન યોજાયું. આ વ્યાખ્યાન આપવા દિલ્હીથી જાણીતા વિશ્વવિખ્યાત ઈતિહાસકાર અને ગાંધીચિંતક પ્રા. સુધીર ચન્દ્ર આવ્યા હતા. પ્રવર્તમાન ઈતિહાસ અને સામાજિક ચેતના ઉપર એમણે ઘણું કામ કર્યું છે. દેશ આજે જ્યારે મહાત્મા ગાંધીના ૧૫૦ વર્ષ ઊજવી રહ્યું છે ત્યારે વિવેક, સંમતિ, સદાશયતા જેમનામાં ભરપૂર છે એવા શ્રી સુધીર ચન્દ્રનાં લખાણો, પ્રવચનો, વિચારોએ સહુનું ધ્યાન આકર્ષિત કર્યું છે. એમનું પુસ્તક 'ગાંધી એક અસંભવ સંભાવના' ખૂબ પ્રસિદ્ધિ પામ્યું છે. તેમના વ્યાખ્યાનનો વિષય હતો - 'ગાંધીજીની પ્રસ્તુતતા અને સંભાવના : આપણી જવાબદારી'. સભાનું પ્રમુખસ્થાન ગુજરાતના પત્રકાર, અધ્યાપક, સંશોધક, સમાજસેવક, વિચારક અને કર્મશીલ એવા શ્રી પ્રકાશભાઈ શાહે સંભાળ્યું હતું.

સ્મૃતિ વ્યાખ્યાનની શરૂઆત ડૉ. અમિતા શાહે ગાયેલ પ્રાર્થના ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનાં ગીત 'ઓ ભગ્ન મંદિર દેવતા'થી થઈ. સાથોસાથ કવિ શ્રી જુગતરામ દવે લિખિત અંજલિ કાવ્ય 'એનું જીવનકાર્ય અખંડ તપો' પણ ગવાયું. ત્યારબાદ પ્રા. ઋચાબહેન બ્રહ્મભટ્ટે સંસ્થા વતી પ્રા. રામલાલભાઈને શ્રદ્ધાંજલિ આપી અને બંને મહેમાનોનો પરિચય આપ્યો.

સંસ્થાના પ્રમુખ પી. જે. દિવેટીઆસાહેબે મહેમાનોને આવકાર આપતાં વિષયની પ્રસ્તુતતા અને અગત્ય વિશે વાત કરી. સુધીરચન્દ્રે એમના વ્યાખ્યાનની શરૂઆતમાં કહ્યું ગુજરાતમાં પ્રા. રામલાલભાઈનું નામ જાણીતું હતું. ભાગ્યે જ કોઈ એવો હોય જે એમને ન જાણતું હોય પણ પ્રા. રામલાલભાઈનું પુસ્તક વાંચ્યા પછી મને એ સમજાયું કે એમણે ગાંધીજીને આત્મસાત્ કરી લીધા હતા. એમનાં લખાણોમાં ગાંધી અંદર સુધી વસી ગયા હતા. એમણે પ્રા. રામલાલભાઈનું એક ખૂબ જ સૂચક અવતરણ રજૂ કર્યું હતું - 'શિક્ષણના પ્રસાર વિના જ્ઞાનમાં અતિ વધારો દુનિયામાં મોટા પાયે અસમાનતાનું સર્જન

કરે છે અને આ માટે 'કરો યા મરો'ના ધોરણે તાત્કાલિક કામ હાથ ધરવું પડે નહિ તો આ સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરશે.'

હિન્દુસ્તાનને આઝાદી મળી પણ બાપુએ તેનો ઉત્સવ કે ખુશી ન મનાવ્યા પણ તેમણે તે દિવસો ચિંતન, મનન, ઉપવાસમાં પસાર કર્યા. કારણ આખા દેશમાં હિંસા થઈ રહી હતી. બાપુ આવી પરિસ્થિતિમાં પંજાબ જવા તૈયાર થયા. એમના આમરણાંત ઉપવાસને લીધે એ જ્યાં ગયા ત્યાં હિંસા બંધ થઈ.

ગાંધી જ્યારે દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા ત્યારે શરૂઆતમાં ગાંધી બધાને અપ્રાસંગિક લાગ્યા. દક્ષિણ આફ્રિકામાં એમણે જે રીતે સત્યાગ્રહ કર્યો હતો તે પ્રમાણે હિન્દુસ્તાનમાં એ નહિ ચાલે. છતાં ગાંધીએ પોતાની રીતે કામ ચાલુ રાખ્યું અને હજારો લોકો એમાં જોડાયા. ગાંધી પ્રાસંગિક બની ગયા. ગાંધી ૩૧ વર્ષ સુધી સ્વતંત્રતા આંદોલનમાં જોડાયેલા રહ્યાં. હિન્દુસ્તાનની પ્રજા તેમને સર્વોચ્ચ નેતા માનતી હતી પણ હંમેશાં પ્રાસંગિક નહોતી માનતી. ૧૯૪૬ સુધીમાં તેઓ ઘણાને અપ્રાસંગિક લાગવા માંડ્યા હતા. ગાંધીએ જવાહરલાલ નહેરુ ને હિંદ સ્વરાજ વિશે પત્ર લખીને કહ્યું હતું કે સાચી આઝાદી ગામડાઓમાં મળશે. જો હિન્દુસ્તાનને સાચી આઝાદી મેળવવી હોય તો આજે નહીં તો કાલે ગામડાઓમાં રહેતાં લોકોનો વિચાર કરવો પડશે. તો જ મારા સ્વપ્નનું ભારત બનશે. ગાંધી કહેતા કે જો તમે શાંતિ ઈચ્છતા હોય તો એ પોલીસ કે સૈન્યથી સ્થાપિત નહીં થાય. એમણે પોલીસ-સૈન્યને મોકલવાની વાત ક્યારેય કરી ન હતી. પોતે જ આગળ આવતા. આ અને આખી હિંદ સ્વરાજની વાતો સાથે જવાહરલાલ સહમત ન હતા પણ ગાંધીનું તો જે સ્વપ્ન હતું તે અલગ જ હતું. આજે ગાંધી આપણને એટલા માટે પ્રાસંગિક લાગે છે કારણ કે ચારે બાજુ હિંસા વધી રહી છે. અત્યારે પ્રકૃતિ અને માનવ વચ્ચેનો સંબંધ પણ બગડી રહ્યો છે. પર્યાવરણ બેહાલ છે ત્યારે સંજોગો આધીન આપણે ગાંધીને પ્રાસંગિક બનાવીએ છીએ. પણ આખરે તો આપણું આચરણ ગાંધી પ્રાસંગિક છે કે નથી તે નક્કી કરે છે.

એમણે આપણી જવાબદારીના સંદર્ભમાં કહ્યું કે આપણે ગાંધીના ૧૫૦ વર્ષ ઊજવીએ છીએ ત્યારે આપણી સામે એક મોટી વિડંબણા છે. ગાંધી જ્યારે સફળતા મેળવી રહ્યા હતા ત્યારે આપણે એમની સાથે હતા અને જ્યારે



અસફળ રહ્યા ત્યારે આપણે એમનો સાથ છોડી દીધો. હવે પરિસ્થિતિ એવી આવી છે કે અત્યારે ગાંધીની આપણને જરૂર છે કારણ કે આપણે અત્યારે અસમર્થ છીએ તેવું લાગે છે. ગાંધીને સંભવ બનાવવાની જવાબદારી આપણી છે. ગાંધી અને ગાંધીની સંભાવના બધુ જ જરૂરી છે. હકીકતમાં હવે આપણે ગાંધીના વિચારો સમજવા લાગ્યા છે. હવે કેમ ! કારણ કે દુનિયામાં વિવિધ પ્રકારની હિંસા વધી રહી છે. લડાઈઓ થઈ રહી છે. સેનાઓ આમને સામને છે. આવા સંજોગોમાં સમજાય કે હવે આપણી પાસે અહિંસા સિવાય અન્ય કોઈ માર્ગ નથી. પર્યાવરણની સમસ્યા અને આબોહવામાં ફેરફાર જેવી સમસ્યાઓએ ગાંધીને પ્રાસંગિક બનાવી દીધાં છે અને તેથી આપણા આચરણથી જ ગાંધીની પ્રાસંગિકતા આપણે પોતે ઊભી કરી છે. આપણે ગાંધીનો જન્મદિન, પુણ્યતિથિ બધું જ ઊજવીએ છીએ પણ ગાંધીને સમજવાનો પ્રયાસ કરતા નથી. ગાંધી જેવાં લોકોનો જ્યારે કરુણ અંત આવે છે, ત્યારે આ કરુણાંતિકા એમની નથી હોતી પણ સમગ્ર માનવજાતની હોય છે.

અધ્યક્ષપદેથી આજના આ વક્તવ્ય વિશે શ્રી પ્રકાશભાઈ શાહે કહ્યું કે જે દોરમાંથી પસાર થયા તે ગાંધીજીના અંતિમ પડાવમાં જે મુદ્દા હતા તે આજે પ્રાસંગિક બનીને આવે છે. ડૉ. મંદાબહેન પરીખે છેવટે આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે સુધીરજીની વાતે આપણને એક વિશેષ અનુભૂતિ કરાવી. આજે બધાના મનમાં ગાંધીજી માટે એક ભાવના જાગી છે અને સાથે સાથે ગાંધી પ્રત્યે આપણી જવાબદારી માટેની સભાનતા પણ વધી છે.

આ પ્રવચનમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ ઈલાબહેન ભટ્ટ અને અન્ય ગણમાન્ય નાગરિકો, શિક્ષકવિદો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત હતા.

### ૪.૨ કેનેડા આંતરરાષ્ટ્રીય પરિષદ જૂન ૪-૭ (૨૦૨૦)

યુનિવર્સિટી ઑફ બ્રિટિશ કોલંબિયાના ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનલ સ્ટડી દ્વારા તા. ૪ થી ૭ જૂન ૨૦૨૦માં આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાનાર છે, જેનો વિષય **'એડલ્ટ એજ્યુકેશન ઈન ગ્લોબલ ટાઈમ્સ'** છે. આ પરિષદ કેનેડાના વાનકુંવર શહેરમાં યોજવામાં આવી છે. ભારતીય સમુદાય શિક્ષણ સંઘ આ પરિષદમાં ભારતની ભાગીદારી વધે તે માટે પ્રયત્નશીલ છે. આ માટે આપણે આજીવન સભ્યો, ભારતની યુનિવર્સિટીઓ અને સંસ્થાઓનો સંપર્ક

કર્યો, જેમાંથી ૭૩ વ્યક્તિઓએ આ પરિષદમાં ભાગ લેવા તૈયારી બતાવી છે. ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશમાંથી પ્રૌઢશિક્ષણ અને શિક્ષણક્ષેત્રે કામ કરતી વ્યક્તિઓ, નિવૃત્ત અધ્યાપકો, શાળાના શિક્ષકો અને નિવૃત્ત સરકારી અધિકારીઓએ આ પરિષદમાં સ્વખર્ચે જવાની તૈયારી બતાવી છે. ભારતીય સમુદાય શિક્ષણ સંઘ આ પરિષદ દ્વારા ફરી એકવાર પ્રૌઢશિક્ષણને (સમુદાય શિક્ષણના મહત્ત્વના અંગ) જાહેર ચર્ચામાં લાવવા ઇચ્છે છે.

### ૪.૩ આરોગ્ય તપાસ શિબિર - ઝાંખરિયા

તા. ૨-૧૨-૨૦૧૯ને શુક્રવારના રોજ બાયડ તાલુકાના અંતરિયાળ ગામ ઝાંખરિયામાં ભારતીય વસ્તી શિક્ષણ સંઘ, અમદાવાદ (ISPE) દ્વારા આરોગ્ય તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગામની કુલ વસ્તી આશરે ૨૦૨૫ જેટલી છે. ગામમાં મુખ્યત્વે સોલંકી (બક્ષીપંચ) સમાજ રહે છે. આ ગામનો મુખ્ય વ્યવસાય પશુપાલન, ખેત-મજૂરી અને ખેતી છે. ઉત્પાદનમાં ઘઉં / બાજરી / કપાસ / દિવેલા અને શાકભાજી છે. ગામમાં પ્રાથમિક શાળા, પંચાયત ઘર, આંગણવાડી તથા દૂધ ડેરી અને આરોગ્ય સબસેન્ટર છે. એ લગભગ બંધ રહે છે. આરોગ્યની હાલમાં આરોગ્યલક્ષી વ્યવસ્થિત તપાસ કરાવવા કે સારવાર માટે ૬ કિલોમીટર જેટલે દૂર સામૂહિક આરોગ્ય કેન્દ્ર-આમોદરા અથવા ૮ કિલોમીટર જેટલે દૂર આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-ડેમાઈ સુધી જવું પડે છે. ત્યાં જવા માટે સરકારી કે ખાનગી વાહનની સુવિધા ખૂબ મર્યાદિત છે. આ ગામ સિવાય નજીકનાં ચાર ગામો રામપુરા, ફતાજીના મુવાડા, ભાણેજા, જશુજીના મુવાડા ગામોને પણ આ શિબિરમાં આવરી લીધાં હતાં.

શિબિર સવારે ૧૦:૦૦ વાગે પ્રાથમિક શાળા ઝાંખરિયા ગામમાં શરૂ થઈ. આ શિબિરમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ડેમાઈના મેડિકલ ઑફિસર ડૉ. નીરવભાઈ પટેલ (MBBS), ડૉ. કુશ શાહ (ગાયનેકોલોજિસ્ટ), ડૉ. કૃતિક શાહ (ફિઝિશિયન), આંખના તપાસ માટે શ્રીમતી નિલમબહેન પટેલ અને અન્ય મદદ માટે સામૂહિક આરોગ્ય કેન્દ્ર, આમોદરા તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ડેમાઈની બે નર્સ બહેનો તેમજ બીજા સ્ટાફે પણ સેવાઓ આપી. કુલ ૨૬૬ દર્દીઓ તપાસ માટે આવ્યા, જેમાં ૯૫ સ્ત્રીઓ, ૮૫ પુરુષો અને ૮૬



બાળકોનો સમાવેશ થાય છે અને ૪૫ વર્ષથી ઉપરની ઉંમરના ૮૧ લોકો હતા. તમામ દર્દીઓની નોંધણી કરી, તેમનું વજન માપ્યું અને બ્લડપ્રેશર પણ માપ્યું. પ્રાપ્ત આંકડા પ્રમાણે ૧૮૦ પુખ્તવયનાં દર્દીમાંથી ૧૯ દર્દીઓને -- કઢાવવા માટે ડૉક્ટરે ભલામણ કરી હતી. ૮૫ પુખ્તવયના દર્દીઓની આંખની તપાસ કરાવી. જેમાંથી ૪૫ દર્દીઓને નજીકના ચશ્માં હોવાથી સંસ્થા દ્વારા ચશ્મા આપવામાં આવ્યા, જેમાં ૪૫ થી ૭૦ વર્ષ સુધી ૪૧ દર્દી હતા અને ૩૬ થી ૪૪ સુધીના ચાર દર્દી હતા. બાળકોની આંખની તપાસ ૨ દિવસ અગાઉ આરોગ્ય કેન્દ્ર દ્વારા કરવામાં આવી હતી માટે તેમની આંખની તપાસ કરી ન હતી. ગામમાંથી શાળાએ જતાં બાળકો જ આ કેમ્પમાં આવ્યા હતા. જનરલ તપાસમાં શરદી, ખાંસી તેમજ ચામડીમાં ખંજવાળને લગતી તકલીફો જોવા મળી. એક ૯૫ વર્ષના વૃદ્ધ સ્ત્રીએ પણ આ શિબિરમાં ભાગ લીધો હતો અને તેને મોતિયો હોવાથી ઑપરેશન કરવાની સલાહ આપી હતી.

આવેલ સ્ત્રીઓની આરોગ્ય તપાસમાં ચામડીના રોગો જોવા મળ્યા. કુલ ૮૫ બહેનોમાંથી ૪૦ વર્ષથી ઉપરની ૪૮ બહેનો હતી. ૧૮ જેટલી બહેનોને ચામડીની તકલીફ હતી. મોટાભાગે હાથમાં ખંજવાળ, ફોલ્લાઓ થવા, દાદર થવી વગેરે જોવા મળ્યા. વ્યક્તિગત આરોગ્ય વિશેની સભાનતા ઓછી તેમજ કુપોષણને લીધે ચામડીના ઘણા રોગો જોવા મળ્યા. આ કેમ્પમાં આરોગ્ય વિશે જાગૃતિ વધે તે માટે ડૉક્ટરોએ ખૂબ સુંદર માર્ગદર્શન આપ્યું.

### ૪.૪ એક દિવસીય વિજ્ઞાન કાર્યશાળા

ભારતીય સમુદાય શિક્ષણ સંઘની અલગ અલગ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં આ વર્ષે એક વિજ્ઞાન કાર્યશાળા તા. ૮મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ યોજવામાં આવી. આ કાર્યક્રમનો હેતુ વિજ્ઞાનના પ્રયોગો દ્વારા વિદ્યાર્થીઓને વિજ્ઞાનમાં વધુ રસ લેતા કરવાનો હતો.

આ કાર્યક્રમમાં અમદાવાદની પાંચ હાઈસ્કૂલમાંથી ધો.૯માં અભ્યાસ કરતા ૨૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યશાળામાં તેમના અભ્યાસક્રમ આધારિત નવપ્રયોગો કરાવવામાં આવ્યા. જે નીચે મુજબ છે.

પ્રયોગ-૧ : ક્રોમેટોગ્રાફી - રંગકણોને અલગ પાડવાનો પ્રયોગ

પ્રયોગ-૨ : ધ્વનિ, અલગ અલગ ધાતુમાંથી ઉત્પન્ન થતો અવાજ.

પ્રયોગ-૩ : માઈક્રોસ્કોપની મદદથી ડુંગળીના કોષ

પ્રયોગ-૪ : જડત્વનો નિયમ

પ્રયોગ-૫ : અસમાન તાપમાનથી ઉત્પન્ન થતો હવાનો પ્રવાહ-ઉષ્ણતાનયન

પ્રયોગ-૬ : ન્યૂટનની ગતિનો ત્રીજો નિયમ (હોવર ક્રાફ્ટ)

પ્રયોગ-૭ : દૃષ્ટિ સાતત્ય

પ્રયોગ-૮ : ધાતુમાં ઉષ્માવાહકતા

પ્રયોગ-૯ : કાર્બન ડાયોક્સાઈડ

વિદ્યાર્થીઓ માટે આ નવો જ અનુભવ હતો. પંખો ફરતો હોય ત્યારે ત્રણેય પાંખિયા એક જ દેખાય છે. તેનો પ્રયોગ અને સિદ્ધાંત સમજ્યા. માઈક્રોસ્કોપમાં સૂક્ષ્મ વસ્તુને વિરાટ નિહાળી. આમ વિવિધ પ્રયોગો વિદ્યાર્થીઓએ જાતે જ કર્યા અને તેમાં તેમને ખૂબ જ રસ પડ્યો. સાથે સાથે વિશ્વ પ્રચલિત વૈજ્ઞાનિકો જેવા કે માદાન ક્યુરીની વાત પણ કરી અને છેલ્લે સામાન્ય વિજ્ઞાન વિશેની પ્રશ્નોત્તરી કરવામાં આવી, જેમાં ૫૦ પ્રશ્નો પૂછવામાં આવ્યા. આ પ્રશ્નોના જવાબથી વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિશે વધુ જાણકારી મળી. આવનાર ટૅકનોલોજીના યુગમાં ડિજિટલ ડીવાઈડથી બચવું હોય તો દરેક બાળકને આવી તક આપવી જોઈએ. તો જ તેનામાં ઝડપથી બદલાતી ટૅકનોલોજીમાં રસ પેદા થાય.

### ૪.૫ કૉમ્પ્યૂટર ક્લાસ

**‘ઓછી ફી માં વૈજ્ઞાનિક ઢબે શિક્ષણ’**ના હેતુને લઈ કૉમ્પ્યૂટર વર્ગો સંસ્થામાં ૨૦૦૪થી ચાલે છે. જેમાં M.S. Office-5, Tally-4, O.M.-16, L.O-5 (ગુજરાતી અને અંગ્રેજી ટાઈપ), ઈન્ટરનેટ, D.T.P. વગેરે શીખવવામાં આવે છે. છેલ્લાં ત્રણ મહિનામાં ૩૨ વિદ્યાર્થીઓ જેમાં સ્કૂલના ૧૧ અને કૉલેજના ૨૧ વિદ્યાર્થીઓ છે. જેઓ જુદા જુદા અભ્યાસક્રમમાં દાખલ થયા હતા અને અભ્યાસક્રમ પૂરો કરી તેઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. નવા દાખલ થનારામાં મોટાભાગના આજુબાજુની વસ્તીમાંથી, જેમ કે ગૂજરાત વિદ્યાપીઠ, ઉસ્માનપુરા, વાડજ, લખુડી, નવરંગપૂરા અને દૂરના વિસ્તારમાંથી નરોડા, વડસર અને સોલામાંથી કૉમ્પ્યૂટર શીખવા માટે આવે છે, જેનો ઉપયોગ તેઓ શાળા કૉલેજના વિદ્યાર્થીઓને તેમના પ્રોજેક્ટ બનાવવામાં અને થીસિસ લખવામાં કરે છે.



### ૪.૬ ધ્વજવંદન

સંસ્થાના પ્રાંગણમાં દર વર્ષની જેમ ૨૬મી જાન્યુઆરી નિમિત્તે સમુદાય માટે જાહેર ધ્વજવંદન કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે રાખવામાં આવ્યો હતો. આ ધ્વજવંદનનો હેતુ આજુબાજુના સામાન્ય નાગરિકોને ધ્વજવંદનની તક આપવાનો છે અને સંસ્થા તરફથી નાગરિક નિષ્ઠાને અભિવ્યક્ત કરવાનો છે. જેમાં આજુબાજુના વિસ્તારના લોકો અને શાળા કૉલેજના વિદ્યાર્થીઓ જોડાયા હતા. રસ ધરાવતા તમામે ભાગ લીધો હતો.

### ૪.૭ સભ્યનોંધણી

ભારતીય સમુદાય શિક્ષણ સંઘના સભ્યો આખા દેશમાં પથરાયેલા છે. છેલ્લાં ઘણાં વર્ષોથી નવા સભ્યો નોંધવાની કામગીરી થઈ શકી ન હતી. છેલ્લાં ૩ મહિનામાં ૭૦ વ્યક્તિગત અને ૬ સંસ્થાગત એમ કુલ ૭૩ સભ્યો નોંધાયા છે.

## જાહેર વિજ્ઞપ્તિ

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ એ ૧૯૮૨માં સ્વ. રામલાલભાઈ પરીખ દ્વારા સ્થપાયેલી સંસ્થા છે. તે જુદા જુદા ક્ષેત્રમાં ગ્રામ્યસ્તરે કામ કરે છે. એનાથી તમે પરિચિત છો જ અને તે ઉપરાંત વર્ષોથી તેના દ્વારા થતા કાર્યક્રમો જેવા કે રાષ્ટ્રીય પરિષદો, આંતરરાષ્ટ્રીય પરિષદોમાં ભારતીય પ્રતિનિધિઓ દ્વારા લેવાયેલ ભાગ તેમજ અન્ય કાર્યક્રમોની જાણકારી તમને છે જ. આ બધાં કારણોસર આપ અમારી સંસ્થાના ઘણા વખતથી આજીવન સભ્ય પણ છો.

આ સંસ્થા દ્વારા ૨૦૦૮થી પ્રકાશિત થતા ત્રિમાસિક ‘યાત્રાપથ’માં પણ ઘણી વિગતો લખતાં હોઈએ છીએ અને ગુજરાતના તમામ આજીવન સભ્યને નિયમિત રૂપે મોકલીએ છીએ, પરંતુ તમારા તરફથી કોઈ પ્રતિભાવ પણ મળતો નથી.

હાલમાં સંસ્થાએ તેના તમામ આજીવન સભ્યોને ઓળખપત્ર આપવાનું નક્કી કર્યું છે. આથી તમને વિનંતી કરીએ છીએ કે આપનું ચોક્કસ કાયમી સરનામું, મોબાઈલ નંબર અને ઈમેઈલ આઈડી અને બે ફોટા અમને સત્વરે મોકલી આપશો. જેથી આજીવન સભ્યનું ફોટા સાથેનું ઓળખપત્ર બનાવી મોકલી શકાય.

# ૫. સમુદાય શિક્ષણમાં અવનવું

## ૫.૧ આગામી આંતર રાષ્ટ્રીય પરિષદ

(૧) વર્લ્ડ કૉંગ્રેસ ઑફ એજ્યુકેશન (WCE-2020)ની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ ટોરન્ટો યુનિવર્સિટી, કેનેડા ખાતે તા. ૨૨ થી ૨૫ જૂન ૨૦૨૦ દરમ્યાન આયોજી છે. આ પરિષદનો વિષય છે. Global Issues in education & Resold છે, જેનો હેતુ જુદા જુદા શૈક્ષણિક ક્ષેત્રમાં તેમજ ધંધાકીય કામકાજમાં ઉપયોગી થાય તેવું જ્ઞાન સુલભ કરવાનો છે.

આ પરિષદમાં ભાગ લેવા ઈચ્છનાર માટે તા. ૧-૨-૨૦૨૦ સુધી ઘટાડેલ દરે નામ નોંધાવી શકશે. અન્યથા તા. ૧-૪-૨૦૨૦ સુધી નોંધણી કરી શકાશે.

નોંધણી ફી નીચે પ્રમાણે છે.

| વિગત | વહેલા માટે | મોડા માટે |
|---|---|---|
| લેખક (વિદ્યાર્થી ન હોય તેવા) | ૫૫૦ યુરો | ૬૦૦ યુરો |
| લેખક (વિદ્યાર્થી માટે) | ૪૨૫ યુરો | ૪૭૫ યુરો |
| ભાગ લેનાર (રજૂઆત વગરના) | ૪૫૦ યુરો | ૫૦૦ યુરો |
| ભાગ લેનાર (રજૂઆત વાળા) | ૩૫૦ યુરો | ૩૭૦ યુરો |
| સ્પીકર / વર્કશોપ સંચાલન | ૩૫૦ યુરો | ૪૦૦ યુરો |
| વધારાના પેપર રજૂ કરનાર | ૨૫૦ યુરો | ૩૦૦ યુરો |
| વધારાના એક પાનાના | ૨૫ યુરો | ૩૦ યુરો |
| બે માટે એક ડિસ્કાઉન્ટ | | ૭૫૦ યુરો |

સ્થળ - કેનેડા યુનિવર્સિટી, ટોરેન્ટો,

સરનામું : ટોરેન્ટો યુનિવર્સિટી, ૩૩૫૯, મીસીસુગા રોડ,

મીસીસુગા, ઓ.એન.એલ. ૧ થી ૬.

ટેલિફોન : (૯૦૫) ૫૬૯-૪૪૫૫

www.utm.utoronto.ca

(૨) યુરેશિયા રીસર્ચ દ્વારા 'શિક્ષણ, શીખવવું અને શીખવું' પર ૧૨મી આંતરરાષ્ટ્રીય પરિષદ હંગેરીના બુડાપેસ્ટ ખાતે તા. ૨૯-૩૦, જૂન, ૨૦૨૦ દરમ્યાન યોજાનાર છે. પરિષદમાં લેખ મોકલવાની છેલ્લી તારીખ ૨૭-૬-૨૦૨૦ છે. લેખ અંગ્રેજીમાં લખવાનો રહેશે. વધુ માહિતી માટે નીચેની વેબસાઈટ જોવા વિનંતી.

વેબસાઈટ - https://teraevents.org/conference/budapest-ictel



## ૫.૨ મહિલા સશક્તિકરણ અને કાયદા કાનૂની સલાહ, સૂચન અને માર્ગદર્શન કાર્યશાળા

યુવક વિકાસ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા તા. ૧૯-૧૨-૨૦૧૯ ગુરુવારના રોજ કૉલેજમાં ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ માટે એક દિવસીય કાર્યશાળામાં વિવિધ કૉલેજોમાંથી ૩૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત સંસ્થાના વ્યવસ્થાપક ટ્રસ્ટી ડૉ. મંદાબહેન પરીખે સંસ્થા પરિચય આપી બહેનો પર વધતા અત્યાચાર અને કાનૂની રક્ષણ વિષે પ્રાથમિક વાત કરી.

ત્યારબાદ પોલીસ અધિકારી શ્રી જીગ્નેશભાઈ રાઠવાએ દેશમાં બની રહેલા મહિલાઓને લગતા ગુનાઓની વાત કરી. એમણે રેપ, અપહરણ, છેડતી વગેરે કેસોમાં પોલીસો કેવી રીતે ફરજ બજાવે છે તે વાત કરી. મહિલાઓના કેસોમાં જો પુરાવાઓ મળે તો દોષીને આજીવન કેદ કે ફાંસી સુધીની સજાની જોગવાઈ છે. એ ધ્યાનમાં રાખી છોકરીઓને હિંમતભેર પોલીસ સેવાઓનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો. તેમણે મહિલાઓ માટે હેલ્પલાઈન નંબર ૧૦૯૧ અને ૧૮૧ની જાણકારી આપી. સ્ત્રીઓને લગતા તમામ કાયદાઓની વિગતે સમજ આપવામાં આવી. ભારતનું સંવિધાન મહિલાઓને, સમાન શિક્ષા, સમાન વેતન, બોલવાની, હરવા ફરવાની સમાન તક, ધર્મ પસંદગી માટે સમાન અધિકારો આપે છે. એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું કે ઘટના ગમે ત્યાં બની હોય, ઝીરો એફ.આઈ.આર. થઈ શકે છે અને ખાસ તો સંવિધાનની કલમ ૧૫ (૩)માં સ્ત્રી બાળકોના રક્ષણ માટે ખાસ અધિકારો છે તે સમજાવ્યા હતા.

ઑલ ઈન્ડિયા મહિલા સાંસ્કૃતિક સંગઠનનાં ગુજરાત રાજ્યના કન્વીનર શ્રી મીનાક્ષીબહેન જોષીએ ૨૦૧૨માં નિર્ભયા ઘટના પછી વર્મા સમિતિ રચાઈ હતી. તે અંગે વાત કરી હતી. સમિતિને વિશ્વભરમાં ૮૦,૦૦૦ થી વધુ સૂચનો મળ્યા હતા. તેમાંથી સમિતિએ ૬૦૦ થી વધુ પાનાનો અહેવાલ તૈયાર કર્યો. સમિતિની ભલામણોને લીધે ફોજદારી કાર્યવાહી અધિનિયમ ૨૦૧૩ અસ્તિત્વમાં આવ્યો. આપણા દેશના ઈતિહાસમાં પ્રથમ વખત, પીપલ્સ મૂવમેન્ટના કારણે, નિયમ બદલવામાં આવ્યો. એમણે બહેનોમાં કાયદાઓ વિશેની સમજ અને જાગૃતિ વધે એ પણ વિશેષ ભાર મૂક્યો હતો.

## ૬. પુસ્તક પરિચય

**પુસ્તકનું નામ : Women and Politics**
**(મહિલાઓ અને રાજકારણ)**

**લેખક : સંજય કુમાર**
**પ્રકાશક : લોકનીતિ - સેન્ટર ફોર ધ સ્ટડી ડેવલપિંગ સોસાયટી, ન્યૂ દિલ્હી**
**પ્રકાશનવર્ષ : ૨૦૧૯**

જર્મન ફાઉન્ડેશન કોનરાડ એડન્યોર સ્ટફટંગના સહયોગથી, લોકનીતિ અન્વયે સેન્ટર ફોર ધ સ્ટડી ડેવલપિંગ સોસાયટી (CSDS) દ્વારા મહિલાઓ અને રાજકારણ સંબંધે એક હેવાલ તાજેતરમાં જ પ્રકાશિત થયો છે. ૨૧મી સદીના પહેલાં બે દાયકા પૂરા થવામાં છે. આઝાદી પછી સ્ત્રીઓને સમાન અધિકાર આપ્યાને પણ આજે ૭૨ વર્ષ થયાં, પંચાયતોમાં બહેનોને ૩૩% પ્રતિનિધિત્વ આપ્યાને ૨૭ વર્ષ થયાં તેમ છતાં પણ બહેનોની રાજકારણમાં ભાગીદારી ચિંતાજનક રીતે ઓછી રહી છે. આ હેવાલ દેશનાં ૧૧ રાજ્યોનાં ૬૩૪૮ મહિલાઓના સર્વે પર આધારિત છે અને CSDSના શ્રી સંજયકુમારનાં નેતૃત્વમાં આ હેવાલ તૈયાર થયો છે.

આ હેવાલમાં કુલ આઠ પ્રકરણ છે. પહેલા પ્રકરણમાં શા માટે આ સર્વે કર્યો છે તે સમજાવવાનો પ્રયાસ કર્યો છે. બીજા પ્રકરણમાં બહેનોની ભાગીદારીને મતદાતા તરીકે બહેનોની ભાગીદારી, ચૂંટણીને લગતી કામગીરીમાં બહેનોની ભાગીદારી, ચૂંટણીને લગતી online પ્રવૃત્તિઓમાં મહિલાઓની ભાગીદારી, રાજકીય સંસ્થાઓમાં મહિલાઓની ભાગીદારી, મહિલાઓનો જાહેર સંસ્થાઓ સાથેનો સંબંધ વગેરે પરિબળોને આધારે મૂલવવાનો પ્રયાસ કર્યો છે. મતદાતા તરીકે મહિલાઓની ભાગીદારી લગભગ ૧૦૦ ટકાની છે. મતદાનમાં હવે ખાસ જેન્ડર ગેપ જોવા મળતી નથી. અલબત્ત એમની રાજકીય ભાગીદારી આનાથી બહુ આગળ જતી નથી. ત્રીજા પ્રકરણમાં મહિલાઓને રાજકારણમાં કેટલો રસ છે ? કયાં પરિબળોથી પ્રેરાઈને એ રાજકારણમાં રસ લેતી થઈ છે એનો અભ્યાસ કરવામાં આવ્યો છે. હેવાલ પ્રમાણે ૧૯૭૧ની સરખામણીએ રાજકીય બાબતોમાં બહેનોનો રસ વધ્યો છે. પણ એમાં હજી જેન્ડર ગેપ તો છે જ. રાજકીય બનાવોમાં રસ ઉંમર સાથે, શિક્ષણ સાથે, સ્થળ સાથે, આર્થિક સ્તર સાથે કઈ રીતે બદલાય છે તે પણ તપાસવામાં આવ્યું છે. આ



સર્વે પ્રમાણે બહેનોની બાબતે ઉંમર સાથે રાજકીય બાબતોના રસમાં કોઈ ઝાઝો ફેર નથી પડતો. પણ નવાઈની વાત એ છે કે આપણા દેશમાં અભણ બહેનો, શિક્ષિત બહેનો કરતાં રાજકીય બાબતોમાં વધુ રસ લે છે. એવું જ ગરીબ અને ગ્રામીણ બહેનો માટે પણ છે. વળી જ્યાં આગળ મા-ને રાજકારણમાં રસ હોય ત્યાં દીકરીઓમાં પણ એ રસ જોવા મળે છે એવી જ રીતે ઘરમાં કે અન્યથા છાપાં, ટીવી, મેગેઝિન કે અન્ય સામાજિક માધ્યમો સુધી પહોંચવાનું જેમના માટે સરળ છે, એમનામાં રાજકારણમાં રસ વધારે જોવા મળે છે.

ચોથા પ્રકરણમાં મહિલાઓ રાજકીય બાબતોમાં પોતાનો મત નક્કી કરવા સંદર્ભે કેટલી સ્વતંત્ર છે તે તપાસવાનો પ્રયાસ કર્યો છે. ચૂંટણીમાં મત કોને આપવાના નિર્ણયથી માંડીને, રાજકીય બનાવો બાબતે અભિપ્રાયની સ્વતંત્રતા અને જાહેર કાર્યક્રમોમાં ભાગ લેવા બાબતે કૌટુંબિક દખલ વગેરે પરિબળોની ચર્ચા કરવામાં આવી છે. કુટુંબમાં મહિલાઓના સ્થાનના સંદર્ભમાં આ આખા મુદ્દાને તપાસવામાં આવ્યો છે. મોટાભાગની મહિલાઓનું માનવું છે કે કુટુંબના નિર્ણયોમાં તેમની સ્વતંત્રતા વધી છે પણ હજી આજે પણ મોટાભાગની મહિલાઓને સ્વતંત્ર રીતે રાજકીય બાબતોમાં નિર્ણય લેવાની સ્વતંત્રતા નથી. આ મુદ્દે શિક્ષિત-અશિક્ષિત કે વિવિધ ધર્મોની મહિલાઓ વચ્ચે કોઈ ફેર જોવા મળ્યો નથી. ત્રીજા ભાગની મહિલાઓના મતે ચૂંટણીમાં કોને મત આપવો એ પુરુષવર્ગ જ નક્કી કરે છે. પાંચમાં પ્રકરણમાં સામાજિક આર્થિક અવરોધો અને સમાજની પુરુષપ્રધાનતા વિશે ચર્ચા કરવામાં આવી છે. આપણી સંસદમાં માત્ર ૨૪% મહિલાઓ છે. પ્રધાનમંડળમાં આ પ્રમાણ માત્ર ૨૦%નું છે. હજી આજે પણ ૩૦% બહેનો માને છે કે પુરુષોમાં નેતૃત્વ શક્તિ વધારે છે. અલબત યુવાન મહિલાઓમાં ઉંમરલાયક મહિલાઓ કરતાં આ પ્રમાણ ઓછું છે. મહિલાઓએ પુરુષ સામે ચૂંટણી લડવી કે કેમ અને એમાં મહિલાની જીતવાની શક્યતા કેટલી એ પ્રશ્નની ચર્ચા પણ વિગતે થઈ છે. મહિલાઓ પુરુષ પ્રધાનતા માંથી બહાર આવતી જાય છે છતાં પણ હજી પુરુષપ્રધાનતા ની અસર નોંધપાત્ર છે. આ પુરુષપ્રધાનતાનો અંગત જીવનના નિર્ણયોમાં પણ એટલો જ પ્રભાવ જોવા મળે છે.

છઠ્ઠા પ્રકરણમાં રાજકારણને એક કારકિર્દીની જેમ લેવા વિશે મહિલાઓનાં મંતવ્યોની ચર્ચા કરવામાં આવી છે. ન કેવળ ભારતમાં પણ

સમગ્ર વિશ્વમાં રાષ્ટ્રીય સંસદમાં મહિલાઓની ભાગીદારી ઓછી રહે છે (સરેરાશ ૨૪%) પણ ભારતમાં આ પ્રમાણ ઓછું છે (૧૪.૪%) માત્ર ૫૦% મહિલાઓ માને છે કે બહેનોની ભાગીદારી વધવાથી રાજ્યની નીતિઓમાં વિકાસમાં મોટો ફેર પડશે. આપણી રાજકીય વ્યવસ્થાનો મહિલાઓના સંદર્ભે અભ્યાસ કરી હેવાલ નકારાત્મક તારણ પર પહોંચે છે કે રાજકીય વ્યવસ્થા મહિલાઓને અનુકૂળ નથી મહિલાઓને વ્યવસ્થાગત કયા અવરોધો નડે છે એની પણ ચર્ચા થઈ છે.

સાતમાં પ્રકરણમાં મહિલાઓની રાજકીય પક્ષોની પસંદગીને અસર કરતાં વિવિધ પરિબળો જેવા કે આવક, જાતિ, શિક્ષણ, છાપાં, સામાજિક માધ્યમોનો ઉપયોગ વગેરેના સંદર્ભમાં મહિલાઓના અભિગમ અને વલણોની ચર્ચા કરી છે. મત આપતી વખતે કેટલા પ્રમાણમાં મહિલાઓ કયાં પરિબળોને ધ્યાનમાં લે છે અને કયા પ્રશ્નોને વધારે મહત્ત્વના ગણે છે તેની ચર્ચા પણ કરવામાં આવી છે. કેટલાક મહત્ત્વના મુદ્દાઓ જેવા કે ફાંસીની સજા, ગૌમાંસ, ફિલ્મને બાન કરવી, ભારત પાકિસ્તાનના પ્રશ્નને ઉકેલવા જેવા મુદ્દાઓ પર મહિલાઓના અભિપ્રાય લેવામાં આવ્યા છે અને છેલ્લે મહિલાઓમાં રૂઢિવાદ કેટલો છે તે બાબતે પણ અભિપ્રાય લેવામાં આવ્યા છે. હેવાલ આખરે આઠમા પ્રકરણમાં ઉપસંહાર સાથે પૂરો થાય છે.

આમ આ ૧૪૩ પાનાનો આ હેવાલમાં મહિલાઓની અનુભૂતિ અને રાજકીય સમજને ૧૧ રાજ્યોની ૬૩૪૮ મહિલાઓની અભિપ્રાયોને આધારે ચર્ચવામાં આવી છે. રાજકીય ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી ઓછી છે એમાં સમાજની પુરુષ પ્રધાનતાનો મહત્ત્વનો ફાળો છે. મહિલાઓ હજી રાજકીય બાબતોમાં એટલી સક્રિય નથી. પણ યુવા મહિલાઓ અને શિક્ષિત મહિલાઓના અભિપ્રાયોથી સમાજમાં પરિવર્તન આવ્યું છે અને આવનાર વર્ષોમાં તેમાં હજી વધુ પરિવર્તનની સંભાવના છે.

> *"All good intellectual people come together at one place and try to bring harmony by means of exchange of thought and ideas, When all of them unite they progress. repidly and attain their aims. External forces can not harm them anyway."*
>
> -Rigved.



## ૭. આગામી કાર્યક્રમો

### ૭.૧ વાંચન શિબિર

રાજકોટના સ.શિ.સંઘના સક્રિય સભ્યશ્રી યશવંત જનાનીની મદદથી આ વર્ષે સંસ્થાએ શિક્ષકોની ત્રણ દિવસીય વાંચન શિબિરનું આયોજન રાજકોટ મુકામે તા. ૬,૭ અને ૮. ફેબ્રુઆરી-૨૦૨૦માં રાખેલ હતું. આ શિબિરમાં ગુજરાતી સાહિત્યના વિવિધ સ્વરૂપે ને ગાંધી સાહિત્યના સંદર્ભે ચર્ચા અને સાથે સાથે સાહિત્યની રમતો અને સ્પર્ધાઓ પણ યોજવામાં આવી. આ શિબિરમાં ૫૨ શિક્ષકો જોડાયા હતા. શિબિરાર્થીઓનો પ્રતિભાવ ઘણો હકારાત્મક અને ઉત્સાહપ્રેરક રહ્યો.

### ૭.૨ માતૃભાષાદિનની ઉજવણી

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૦ માતૃભાષા દિનની ઉજવણી ભારતીય સમુદાય શિક્ષણ સંસ્થા છેલ્લા બે વર્ષથી અમદાવાદ શહેરની માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ સાથે કરે છે. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓ માતૃભાષાના મહત્ત્વને સમજે, એનો ઉપયોગ વધે અને એનું ગૌરવ કરી શકે તે છે. આ વર્ષે આ કાર્યક્રમ ચાર શાળામાં કરવામાં આવશે, જેમાં બે અંગ્રેજી માધ્યમ અને બે ગુજરાતી માધ્યમની શાળા હશે. વિદ્યાર્થીઓને જાણીતી નવલકથાઓ (અંગ્રેજી અને ગુજરાતી)નો પરિચય કરાવવામાં આવશે અને એમના સાહિત્યને રસ ઉજાગર થશે. આ દિવસની ઉજવણીની સંભવિત તારીખ ૨૫, ૨૬, ૨૭ અને ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૦ રાખવામાં આવી છે.

---

**(અનુસંધાન પૃ.૨ નુ ચાલુ...)**

જ દેશના ગામડાં ફરી ઊભા થશે અને એ થયું તો પછી ભારતને આગળ વધતાં કોઈ રોકી શકશે નહિ. ગાંધીજીએ એમના જીવનપર્યંત વારંવાર દેશમાં ચરખો સાર્વત્રિક બને, દરેક જણ આ ઉત્પાદન પ્રક્રિયા સાથે જોડાય અને મિલના કાપડનો બહિષ્કાર કરે એ માટે અપીલ કરી છે. એમના મતે ઉત્પાદક અને ઉપભોક્તા વચ્ચે બદલાયેલા સંબંધો સમગ્ર અર્થતંત્રને એક નવી દિશામાં દોરી જશે અને આ ફેરફાર ખાદી ઉદ્યોગ માટે જ નહીં. પણ બીજા તમામ ઉદ્યોગોમાં પણ જોવા મળશે.

ગાંધીજીની આ વાત આજે ૧૫૦ વર્ષે અનેક શંકા-આશંકામાં અટવાઈ છે. ખાદી ઉદ્યોગ એક બિનઉત્પાદક, બિનકાર્યક્ષમ ટૅક્નોલૉજી પર આધારિત અને સબસીડીના સહારે જીવતો એક ઉદ્યાગ છે. મોટાભાગના લોકોનું માનવું છે કે સ્વરાજ આવતાંની સાથે ખાદીની જરૂરિયાત હવે પૂરી થઈ ગઈ છે. ૧૫

ઑગસ્ટ ૧૯૪૭થી મિલનું કાપડ એ પણ દેશનું કાપડ છે અને એનો બહિષ્કાર કરવાની જરૂર નથી. ગાંધીજીની વાત યંત્રથી સ્વરાજ નહિ આવે તે કોઈ માનવા તૈયાર નથી બલ્કે યંત્રની દોડમાં ભારત પૂરેપૂરું જોડાઈ ગયું છે. ખાદીનું કાપડ ગરીબને પોષાય એવું નથી એટલે એ કરોડો લોકોનું વસ્ત્ર બની શકે એમ નથી. એ માટે તો રાસાયણિક રેસા અને યંત્ર ઉત્પાદન આવશ્યક છે. વિકાસ અને અર્થશાસ્ત્રની આપણી સમજ ઉત્પાદક અને ઉત્પાદકતા સંબંધોને અવગણે છે. ખાદીનું સમાજશાસ્ત્ર હજી આપણી નીતિઓ કે વિચારમાં અથવા છેક ૧૯૨૫થી કાર્યરત અખિલ ભારતીય ચરખા સંઘ કે ૧૯૪૯થી કાર્યરત ખાદી ગ્રામોદ્યોગ બૉર્ડ / કમિશન હજી unfold થયું જ નથી. ખાદીને fashion cloth બનાવવાનો ભરપૂર પ્રયાસ આપણે કરી રહ્યા છીએ. આઝાદી પછી ખાદી ગ્રામોદ્યોગ કમિશન દ્વારા ઉત્પાદન કેન્દ્રો - જ્યાં કાંતવાનું કામ ચાલે છે તે શરૂ કર્યા છે. અંબર ચરખો આવી ગયો છે. વણકરો ઓછા થયા છે અને રૂઢિગત કૌશલ્યો પણ ઘટતા જાય છે. આ બધાને લીધે ગાંધીજીનાં ખાદી વિચાર અને ખાદી વસ્ત્ર બંને કાળબાહ્ય ગણાવાં માંડ્યાં છે. લોકો પૂછે છે

૧. ખાદી ખરેખર દેશના તમામ લોકો માટેનું વસ્ત્ર છે કે થોડાં પૈસાદાર વિશિષ્ટ લોકો માટેનું વસ્ત્ર છે ?
૨. ખાદીનું કાપડ વણાય અને પહેરાય ત્યાં સુધીમાં જે પ્રક્રિયાઓ થાય તેની યોગ્યતાના માપદંડ કયા ?
૩. એનાં રસાયણો, એમાં રહેલું કેન્દ્રીકરણ ખાદીના આત્માને જીવવા દેશે ખરા ?
૪. ખાદી કેટલાં અંશે સત્ય, અહિંસા, સમાનતા, બંધુત્વ વગેરે લાગણીઓને પ્રેરી શકી છે.
૫. ખાદી આંતરરાષ્ટ્રીય સ્તરે ક્યાં છે ? શું એનામાં નવો કોઈ ચીલો ચાતરવાની તાકાત છે ?

આ બધાના જવાબ ઘણો ઊંડો અભ્યાસ માંગી લે છે. ખાદીનું શિક્ષણ, ખાદીનું તત્ત્વજ્ઞાન ખાદીનું અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર અને ખાદીનું એન્જિનિયરિંગ આ બધાજ વિષે ખૂબ ઓછો વિચાર થયો છે. આપણે ખાદીને અપ્રસ્તુત બનાવવા તરફ જઈ રહ્યાં છીએ. ગાંધીજીએ એમના જીવન દરમ્યાન ખાદી ઉદ્યોગને ટેક્નિકલી પણ મજબૂત બનાવવા પ્રયાસ કર્યો. પણ એ પ્રયાસ એ ગંભીરતાથી ત્યાર પછી થયો નથી. સાળના વિકાસના પણ પ્રશ્નો છે. ખાદીમાં સ્વતંત્ર ઉદ્યોગસાહસિકતા ઉપર પણ ખૂબ કામ કરવું પડે. પણ વિશ્વ આજે જે ત્રિભેટે આવીને ઊભું છે એને કદાચ ખાદીમાં નવી સમસ્યાઓનો ઉકેલ મળે. ગાંધીજી જેવા આર્ષદ્રષ્ટાએ જે સલાહ આપી છે તેનો એકવાર આપણે પૂરી તાકાતથી અમલ કરી આ દેશની તાસીર જોઈએ અને પછી વિશ્વનું નેતૃત્વ કરીએ.

**- મંદા પરીખ**



## વાચકોને વિનંતી

૧. સમુદાય શિક્ષણના ક્ષેત્રે આવી રહેલ જ્ઞાનયુગને ધ્યાનમાં રાખી અનેકવિધ નવતર પ્રયોગો અને કાર્યક્રમો કરતી આ સંસ્થાને વધુ મજબૂત બનાવવા માટે આપનો સહકાર અમૂલ્ય છે. જો આપ આ સંસ્થાના સભ્ય ન હો તો **વ્યક્તિગત આજીવન** સભ્ય ફી રૂ. ૧,૦૦૦/-, **સંસ્થા** અથવા **યુનિવર્સિટી** માટેની સભ્ય ફી રૂ. ૧,૫૦૦/- સંસ્થાના સરનામે ચેક અથવા રોકડેથી તાત્કાલિક મોકલી આપવા વિનંતી. ચેક 'ભારતીય સમુદાય શિક્ષણ સંઘ'ના નામે લખવો. સંસ્થા વિશેની વધુ માહિતી માટે અમારો સંપર્ક કરશો.

૨. જો આપ આ સંસ્થાના આજીવન સભ્ય હો તો આપના વિશેની સંપૂર્ણ માહિતી (BIO-DATA) અમને મોકલી આપવા વિનંતી. એટલે અનુકૂળતાએ સંસ્થાના મુખપત્ર **'યાત્રાપથ'**માં આપનો પરિચય સમાવી શકાય.

૩. દર ત્રણ મહિને પ્રકાશિત થતા 'યાત્રાપથ'ના માધ્યમ દ્વારા સમુદાય શિક્ષણ સાથે આપને જોડવાનો અમારો નાનકડો પ્રયાસ છે. **'યાત્રાપથ'નું વાર્ષિક લવાજમ** માત્ર રૂ. ૫૦/- છે. આ રકમ આપ 'ભારતીય સમુદાય શિક્ષણ સંઘ'ના નામે ચેકથી અથવા રોકડેથી મોકલી શકશો.

૪. **'યાત્રાપથ'** વિશે આપના **પ્રતિભાવો** અમને જરૂરથી લખી મોકલશો.

-તંત્રી

યાત્રાપથ-ગુજરાતી (ત્રિમાસિક) Registered under RNI No. GUJGUJ/2007/23007
Published on 15th of January, April, July and October, Posted at Ah'd P.S.O. Office

Printed and Published by : Mayank Chandrakantbhai Upadhyay on behalf of 'Indian Society For Community Education. Printed at : Arth Computer, 203, Maurya Complex, Opp. C.U.Shah College, Income Tax, Ashram Road, Ahmedabad-380014
Published at Ahmedabad.

Editor : Manda Parikh

વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-
પ્રતિ નકલ : રૂ. ૧૫/-

Year : 13 Issue No. 1
October-December - 2019

**YATRAPATH**
**INDIAN SOCIETY FOR COMMUNITY EDUCATION**
OFF ASHRAM ROAD,
NAVJIVAN PRESS ROAD,
AHMEDABAD-380014